# કુટુંબભાવનાને વ્યક્ત કરી કમલના ભાવવિશ્વને ઉઘાડ આપતી લઘુનવલ 'દર્પણલોક'

ડૉ. અમીબેન સંજયકુમાર સોની
એમ.એ.,એમ.ફિલ.,સ્લેટ.,પીએચ.ડી.
મુલાકાતી વ્યાખ્યાતા, ગુજરાતી વિભાગ
શ્રીમતી સી.સી.મહિલા આર્ટ્સ એન્ડ
શેઠ.સી.એન.કોમર્સ કૉલેજ, વિસનગર, ગુજરાત.

ધીરેન્દ્ર મહેતા સાંપ્રત સમયના નામનાપાત્ર સાહિત્યકારોમાંના એક છે. તેઓ ભૂજના વતની છે. ગુજરાતી સાહિત્યક્ષેત્રે પાત્રોની ગતિવિધિને ધ્યાનમાં લઈને તેમણે ઉત્તમ સાહિત્યસર્જન કર્યું છે. તેમણે નવલકથા, વાર્તા, કવિતા, સંપાદન અને વિવેચનકાર્ય કર્યું છે. આવા બહુમુખી પ્રતિભા ધરાવતા આ સર્જકની 'દર્પણલોક'એ કુટુંબભાવનાને વ્યક્ત કરતી એવી પાત્રોના ભાવજગતનો પરિચય કરાવતી લઘુનવલ છે.

ધીરેન્દ્ર મહેતાનું 'કાવેરી અને દર્પણલોક'એ ઈ.સ. ૧૯૮૮માં પ્રગટ થયેલ બે લઘુનવલને સમાવતું એવું એક પુસ્તક છે. ગુજરાતી સાહિત્યમાં લઘુનવલનું જે સ્વરૂપ છે તે વિશે ઘણી બધી ચર્ચાઓ થતી રહે છે. અહીં પણ લેખકે આ સ્વરૂપને ધ્યાનમાં લઈને લઘુનવલ આપી છે. પાત્રોની માનસિક તાણ, તંગદિલી તેમજ પરસ્પર સર્જાતી ગૂંચની વાત છે. એક રીતે જોઈએ તો આ પુસ્તકમાં રજૂ થયેલ 'દર્પણલોક' લઘુનવલમાં કમલની જે સંયુક્ત કુટુંબમાં રહેવાની ભાવના છે તે અને તેનું જે ભાવજગત છે તેનો પરિચય સાંપડે છે.

'દર્પણલોક' લઘુનવલમાં કમલ, સમજુબા અને આનંદ આ ત્રણ પાત્રોની આસપાસ આખી કથાનો તંતુ ગૂંથાયેલો છે. સમજુબા અને કમલનો ભૂતકાળ છે તેનું પ્રાગટ્ય વર્તમાનમાં થતું જોવા મળે છે અને તેનો ઉલ્લેખ અહીં થયેલો છે. નાનપણમાં જ કમલ પોતાની માને ગુમાવી બેસે છે અને તેથી એકાએક મોટી હોય, પરિપક્વ હોય એવું તેનું વર્તન થઈ જાય છે અને કમલમાં આવેલા આવા પરિવર્તનને ધ્યાનમાં લઈને તેના પિતા કમલને આનંદ સાથે પરણાવી દે છે. જેમ દરેક સ્ત્રીના પોતાના પતિને લઈને, સાસરીને લઈને કંઈક કેટલાંય આરમાનો હોય છે અને તેના લીધે કેટલાંય સ્વપ્ન તેણે સેવ્યા હોય છે. આવું જ એક સ્વપ્ન સેવી જીવતી કમલ પોતાની સાસરીમાં એક હવેલી હોવાની કલ્પના કરે છે. કમલનું વર્ષોથી સેવેલું એ સ્વપ્ન આનંદ સાથેના લગ્ન માત્રથી જ તૂટી જાય છે. આનંદના ઘરને તે માત્ર હોટલના એક રૂમ જેવું જ અનુભવે છે. લગ્ન પછી પતિ સાથે રહેતી સ્ત્રીમાં વિશેષ લાગણીઓ છૂપી હોય છે પરંતુ કમલને એવા કોઈ વિશેષ ભાવ કે નવીનતાનો અહેસાસ થતો નથી. આનંદ એકવાર તેની મોટીબહેન સમજુબાને મળવા કમલને પોતાની સાથે લઈ જાય છે. સ્વાભાવિક છે કે લગ્ન બાદ અન્ય સંબંધીઓને મળવા જતાં પહેલાં નવપરણિતા કેટલાયે વિચારોમાં સરી પડતી હોય છે તેવી જ રીતે સમજુબાને મળતાં પહેલાં કમલ પણ વિવિધ એવી કલ્પનાઓમાં રાચવા લાગે છે. એક ભવ્ય હવેલીને તે સમજુબાના ત્યાં હોવાનું કલ્પતી હોય છે અને ત્યાં માત્ર એક બંગલો જોતાં તે નિરાશ બની જાય છે. અહીં કમલ જે હવેલીની કલ્પના કરી રહી છે તેમાં તેની બધા સભ્યો સાથે એક કુટુંબમાં રહેવાની સંયુક્ત કુટુંબની ભાવના છે તેનો અણસાર સાપડે છે. સમજુબાના ત્યાં ગયેલી કમલને જ્યારે સમજુબાનો ભૂતકાળ સમજુબા માતાપિતા વગરનાં થતાં તેમને એક બીજવર સાથે પરણાવી દેવામાં આવે છે અને તેમના બે દીકરા તેમની સાથે અત્યારે રહેવા માટે તૈયાર નથી ત્યારે આનંદ વગરની જે સ્થિતિ છે તેમાં અંદરથી ભાંગી ચૂકેલી કમલ પોતે ખૂબ દુ:ખી હોવા છતાં પણ પોતાની જે ઈચ્છાઓ છે તેને દબાવી રાખીને પોતે વિધવા છે તે વાતને સમજુબાથી છુપાવી રાખે છે અને તે પોતે સૌભાગ્યવતી હોવાનો દેખાવ કરતી સમજુબાની સાથે રહેતી દર્શાવી છે અને છેવટે સમજુબા સાથે જવાને બદલે તે પોતે પોતાની જ રીતે અલગ રહેવા જાય છે ત્યાં લઘુનવલનો સૂચક અંત આવે છે.

'અતિશયોક્તિ વિનાશનું મૂળ છે' એ ન્યાયે જે કામ સ્ત્રી એ કરવાનું હોય તેમાં પુરુષનો વધુ પડતો હસ્તક્ષેપ વિપરિત પરિણામ સર્જે છે. કમલના ઘરકામમાં પણ તેના બધા જ કામો જ્યારે આનંદ કરતો હતો ત્યારે કમલ તેથી ખૂબ કંટાળી જતી હતી અને તેમ છતાં પણ આનંદ પોતાની રીતે જ વર્તતો હતો જેમકે: "એનો કંટાળો આનંદ લક્ષમાં લેતો નથી, એ કદાચ પોતાના મનોલોકમાં-પોતાના દર્પણલોકમાં ખોવાયેલો રહે છે." ('કાવેરી અને દર્પણલોક', ધીરેન્દ્ર મહેતા, પૃ.૧૦૨)

જે વિશેષ અનુભૂતિ લગ્નબાદ દરેક સ્ત્રીને થતી હોય છે તેવી કોઈ જ અનુભૂતિ લગ્ન થયા પછી આનંદ સાથે રહેતી હોવા છતાં પણ કમલને થતી નથી. કોઈ જ પ્રકારનું કુતૂહલ કે કોઈ જીજ્ઞાસા કે કોઈ પ્રકારનો અલગ ભાવ તેના દામ્પત્યજીવનમાં ન અનુભવાતાં કમલને કશો જ નવીનતાનો અનુભવ કે અહેસાસ થતો નથી જ્યારે આનંદને બધું જ મળી ગયું હોય તેવી અનુભૂતિ થાય છે તેનું એક વર્ણન:

"અહીં એવા ભણકારાને માટે કોઈ અવકાશ નહોતો; શક્યતા પણ નહોતી. એક પળવાર માટે પણ કશું અપ્રગટ નહોતું, જેનું કુતૂહલ હોઈ શકે; એવું કશું પણ નહતું, જે અજ્ઞાત રહી રહીને ભીતિ પ્રેરી શકે. ઘટના જેવું કશું ઘટ્યું નહોતું; પણ આનંદ એવું અનુભવતો હોય એમ જણાતું હતું કે પોતે કંઈક મેળવ્યું છે. પોતાની પાસે પહેલા નહોતું એવું કશુંક એકાએક પ્રાપ્ત થયું છે... અને એનો આનંદ આનંદ આનંદમાં વરતાતો હતો." ('કાવેરી અને દર્પણલોક', ધીરેન્દ્ર મહેતા, પૃ.૧૦૮)

બે પાત્રો લગ્નસંબંધના એક જ તાંતણે બંધાયા હોવા છતાં પણ બંનેની એકબીજા માટેની જે અનુભૂતિ હતી એ તદ્દન ભિન્ન હતી. આનંદને જે સુખની અનુભૂતિ આ લગ્નસંબંધથી થઇ રહી હતી તેમાંનો કોઈ જ સંતોષ કમલને થતો નથી. કંઈક એવું છે જે એને અંદરથી ઊધઈની જેમ કોરી ખાય છે અને તેથી જ તો પોતાના જીવનમાં કશુંક જ નવું તેને અનુભવાતું નથી અને તે આનંદ સાથે રહેતી હોવા છતાં પણ પોતાનામાંથી કશુંક દૂર થતું હોવાનો વિચિત્ર એવો અહેસાસ તેને સતત થયા કરે છે તેથી તે આનંદ સાથે તે ઐક્ય સાધી શકતી જણાતી નથી. કોઈ અજાણી એવી ભૂમિ પર ઊતરી પડી હોય કે પછી કોઈ અલગ જ દુનિયામાં આવી ગઈ હોય એવી લાગણીનો અનુભવ તેને થયા કરે છે: "આનંદની સાથે રહેવાનું થયું એ પછી પરિસ્થિતિમાં કશો ફરક પડ્યો ન હોય, એમ એને સતત લાગ્યા કરતું હતું. એને કશાકની ભીતર પ્રવેશવું હતું ને પ્રવેશી શકાતું નહતું. આનંદ પણ એને કશાકની બહારને બહાર રાખતો હતો, બલકે અહીં પણ કદાચ એવું કશું હતું જ નહિ, એની અંદર પ્રવેશવાનું હોય." ('કાવેરી અને દર્પણલોક', ધીરેન્દ્ર મહેતા, પૃ.૧૧૪)

સતત એકલતાના આવરણમાં વીંટળાતી જતી એવી કમલ એકવાર સમજુબાને પોતાની મન:સ્થિતિ વિશે વાત કરતી હોય છે અને ત્યારે જાણે કે તેની અર્ધજાગ્રત એવી અવસ્થા જાહેર થતી હોય તેવું જણાય છે. ક્યારેય માનવી પોતે એવી સ્થિતિમાં મૂકાઈ જતો હોય છે કે જેના લીધે તે પોતાની માનસિક સ્થિતિ વિશે પણ બેધ્યાન બની જાય છે. અહીં કમલ પોતે જ પોતાની તંદ્રાવસ્થા કે નિંદ્રાવસ્થા પ્રત્યે સભાન હોય એવું લાગતું નથી તેમાં તેની વ્યગ્ર એવી મનોદશાનો અણસાર આવે છે. જે વાસ્તવિકતાથી દૂર ભાગવાનો પ્રયાસ કમલ કરી રહી છે તે જાણે કે એકાએક તેની સામે આવતી હોવાનું તે દર્પણ દ્વારા અનુભવે છે અને ત્યારે તેને તેનું જ પ્રતિબિંબ તે સ્થિતિ સાથે જોડતાં જ તે જાણે કે વધુ વિકરાળ બનતું હોવાનું નજરે પડે છે: "પાસેના જ ખંડમાં પોતાના ઓરડાના દરવાજામાં પગ મૂકતાંની સાથે સામે દર્પણ આવ્યું. એ જ ક્ષણે એના ચરણ થંભી ગયાં. જે બચાવી લેવું હતું એ જાણે ઊભરાઈ ઊભરાઈને દર્પણ પર આવી રહ્યું છે. એ સ્વયં જાણે એમાં ડૂબકીઓ ખાવા લાગી છે." ('કાવેરી અને દર્પણલોક', ધીરેન્દ્ર મહેતા, પૃ.૧૩૩)

કમલ એવી સ્થિતિમાં મૂકાયેલી છે કે તેના જીવનની જે વાસ્તવિકતા છે તેનાથી તે સતત દૂર જવા પ્રયત્ન કરતી હતી તેના મનમાં તે ઊભરાતી લાગણીઓ તેને દર્પણમાં દેખાતાં પોતાની જાતને તે તેમાં ડૂબતી, જકડાયેલી અનુભવીને વ્યાકુળ બનતી જણાય છે અને તેને આનંદની વાત યાદ આવતાં જ જાણે કે એક આખો ભૂતકાળ તેની સામે ખડો થતો હોય તેવું લાગે છે અને ત્યાં આનંદનું કથન તેને એકદમ યાદ આવી જાય છે: "દ્રષ્ટિમાં આભૂષણો નહિ, સૌંદર્ય વસવું જોઈએ. આભૂષણોએ સૌંદર્યની ગવાહી આપવી જોઈએ." ('કાવેરી અને દર્પણલોક', ધીરેન્દ્ર મહેતા, પૃ.૧૫૯)

કમલની સામે તેનો આખો ભૂતકાળ ઊભો થતાંની સાથે જ જાણે કે તેના મનમાં કેટલુંય ઘટીત થઈ ગયું હોવાનું જણાય છે:

"ધ્રૂજારી એની રગેરગમાં ઊતરીને રક્તની સાથે વહેવા લાગી છે. એણે આંખો મીંચી દીધી, જોરથી. અંદરથી કશુંક ઊભરાવા લાગ્યું હતું. એ કેવળ આંસુ હશે, એમ એ માની શકે એમ નહોતી. લાગણીઓ, વેદનાઓ, સ્મૃતિઓ, શું નું શું આંખો વાટે વહી નીકળ્યું હતું. ભીતર પડનાં પડ ભેદાતાં જતાં હતાં. એનો આખો ચહેરો એમાં ડૂબી ગયો. એનો ખળભળાટ બહાર આવી ગયો અને આખા અસ્તિત્વને હચમચાવી ગયો. પડી જવાશે એવી ધાસ્તીને લઈને એ દર્પણની સામેથી પાછાં પગલે ખસી ગઈ અને પછી દોડી જઇને પલંગમાં પડી." ('કાવેરી અને દર્પણલોક', ધીરેન્દ્ર મહેતા, પૃ.૧૫૯)

કમલની વેદનામય સ્થિતિનો ખ્યાલ ઉપર્યુક્ત વર્ણન દ્વારા આવે છે. અહીં એવું જણાય છે કે, જે દર્પણમાં કમલ પોતાને હંમેશાં સૌભાગ્યવતી જ હોવાનું કલ્પતી હતી આનંદ વિહોણી સ્થિતિમાં તે જ દર્પણમાં જ્યારે સૌભાગ્યવતી હોવાનો છળ એક બનાવટ તેને દેખાય છે ત્યારે તેની માનસિક સ્થિતિ વધુ વિકટ થતી જણાય છે અને ત્યારે તે જાણે કે પોતાનું માનસિક સંતુલન

ખોઇ બેસે છે. આનંદની હાજરી ન હોવાની સ્થિતિ સમજુબા માટે પણ મુશ્કેલતો બને જ છે. પરંતુ તે આનંદ ન હોવાનું તો ક્યારેય સ્વીકારી શકે તેમ જ નથી. આનંદ નથી ત્યારે માત્ર તેને જ ઝંખતી કમલ તેને મળવા માટે પણ અત્યંત બેબાકળી બની જતી જોવા મળે છે ત્યારે તેની સ્વગોક્તિ: "મને દર્પણની પાસે જવા દો... મને દર્પણની સામે ઊભી રહેવા દો... મને આનંદને જોવા દો... આંખો ફાડી ફાડીને... હું ચોક્કસ મળીશ આનંદને દર્પણની દુનિયામાં..."('કાવેરી અને દર્પણલોક', ધીરેન્દ્ર મહેતા, પૃ.૧૯૦)

આનંદ કમલના જે સૌંદર્યને હંમેશાં વખાણતો રહેતો હતો હવે તે સૌંદર્યને લઈને કમલ તેને મળવા માટે દર્પણલોકમાં જવાની વિવિધ કલ્પનાઓ કરતી જોવા મળે છે.

> "અહીં કરુણનું કરુણામાં સંક્રમણ છે. સર્જકે ખૂબીથી તેના આ ભ્રાંતિ જગતને તેના પરિણામરૂપ આંતરવ્યથાને ઉપસાવ્યાં છે. આનંદે ઝંખેલુ સૌંદર્ય, સમજુબાએ પોંકેતુ સૌભાગ્ય અને વૈધવ્યની આ વાસ્તવિકતા, એ ત્રણે ખૂણા વચ્ચે કમલ જે તાણ અનુભવે છે તેનું મનોવૈજ્ઞાનિક ચિત્ર લઘુનવલને ઉચિત લાઘવ અને મિતભાષિતાથી આલેખાયું છે. આનંદ પરદેશ ગયો છે, ખૂબ કમાઈને આવશે, તેના પત્રો આવતા હશે, એમ માનતાં - મનાવતાં - આશ્વાસતાં સમજુબા માટે આનંદનું પરદેશ હોવું એ વાસ્તવિકતા છે. એ વાસ્તવિકતા વાયવ્ય ન બને તેની કાળજી રાખતી કમલ પોતે ભ્રાંતિને ન જીરવી શકતાં ભાંગતી જાય છે."[૧]

પોતાની સાસરીમાં વિશાળ હવેલી હોય, એ હવેલી બધા સભ્યોથી ભરેલી હોય એવું કમલનું સ્વપ્ન લેખકે અહીં વૃક્ષના કલ્પનથી રજૂ કર્યું છે. વૃક્ષ જેમ ફૂલ્યું ફાલ્યું હોય એવા જ એક ભરેલા પૂરા કુટુંબની કલ્પના કમલે કરેલી તેમાંથી કુટુંબ ભાવનાનું એક ચિત્ર વ્યક્ત થાય છે. આનંદ હંમેશાં સૌંદર્યને જ વખાણતો રહે છે અને જ્યારે તે નથી ત્યારે વિધવા કમલને સમજુબા સતત સૌભાગ્યનાં બધાં ચિહ્નો માટે જે ટકોર કર્યા કરે છે તેમાંથી તેની વેદના વધુ ગાઢ બનતી જણાય છે. આમ, આવી દોહરી જિંદગી જીવતાં જીવતાં કમલ માનસિક રીતે ભાંગી પડે છે. આનંદ વગર તેનું જીવન જાણે કે અધૂરું રહી જતું હોવાનું અનુભવતી અંતે સમજુબાને તેમના દીકરા પોતાની સાથે લઈ જતાં સમજુબા કમલને તેમની સાથે આવવા કહે છે ત્યારે કમલ અત્યારે પોતે ઘેર જવા માંગે છે પછી આવશે એવું કહે છે ત્યાં લઘુનવલ પૂર્ણ થાય છે. આ સાથે જ કમલના એક નવા જ ભાવવિશ્વના ઊઘાડનો, તેની કલ્પનાઓને કશોક આકાર મળવાનો, તેની સભરતાનો સૂચક હોવાનું પણ ચોક્કસ જણાય છે જ. આનંદ સાથે પોતે વીતાવેલો એ સમય તેમજ આનંદનું તેના સૌંદર્ય તરફનું આકર્ષણ અને સમજુબાની આનંદ પ્રત્યે જે લાગણીઓ છે વ્યક્ત થતી જોવા મળે છે અને તે દ્રષ્ટિએ આ કથા આસ્વાદ્ય બને છે.

સૌંદર્યનું આકર્ષણ દરેક વ્યક્તિને હોય જ છે. દરેક વ્યક્તિ પોતાની જાતને સુંદર જ કલ્પે છે અને તેથી જ તો દર્પણમાં પોતાનું સારું પ્રતિબિંબ જ જોવા ઈચ્છે છે. અહીં આ લઘુનવલમાં પણ સતત કમલના સૌંદર્યથી આકર્ષિત અને તેના સૌંદર્યને જ ઝંખતાં એવા આનંદના વર્તનમાંથી અને આનંદ ન હોવાની સ્થિતિમાં પોતાના એ સૌંદર્ય સાથે આનંદને દર્પણલોકમાં મળવા જવાની કમલની એ હૂંફાળી લાગણીઓ તેમજ સમજુબા દ્વારા સૌભાગ્ય ચિહ્નો માટેની તેને ટકોર આ બધું જ જોતાં એવું કહી શકાય કે તે દ્રષ્ટિએ આ લઘુનવલનું શીર્ષક 'દર્પણલોક' યોગ્ય ઠરે છે.

દર્પણના ઉલ્લેખ દ્વારા તેની જે પ્રતીકાત્મકતા છે તે અહીં આનંદ, સમજુબા અને અંતે કમલ એમ ત્રણેય પાત્રો દ્વારા રજૂ કરેલ છે તે આપણને જોવા મળે છે. સમજુબાના સંતાનો તેમની સાથે રહેવા તૈયાર નથી ત્યારે કમલ પોતાની બધી જ ઈચ્છાઓને દબાવી રાખીને, અરમાનોને સળગાવી નાખીને સમજુબા સાથે રહે છે અને વિધવા હોવા છતાં પણ સમજુબાને આનંદ નથી તે હકીકતથી દૂર રાખવા, એક સૌભાગ્યવતી હોવાનું એવું ભ્રાંતિમય જીવન જીવી રહી છે તે ખરેખર સમગ્ર લઘુનવલને કરુણતા બક્ષે છે. અહીં કમલની મન:સ્થિતિ કેન્દ્રસ્થાને છે. લગ્નબાદ પતિ સાથે હોવા છતાં પણ સંપૂર્ણત: માનસિક રીતે તેની સાથે ન જોડાઈ શકતાં અથવા તો બીજી રીતે કહીએ તો આનંદના મૃત્યું પછી તેની જ પાસે જવા ઉત્સુક એવી તેની ગેરહાજરીમાં સમજુબા આગળ સૌભાગ્યવતી હોવાનો દેખાવ કરવા જતી કમલ પોતે દ્વિધામાં મૂકાઈ જતી જોવા મળે છે. આ ઉપરાંત કથામ થયેલો ભ્રાંતિનો ઉલ્લેખ તેમજ આનંદ દ્વારા કમલ કરતાં તેના સૌંદર્યનું આકર્ષણ એક પ્રકારની જાતીયતાનું સૂચક છે. હવેલી, વૃક્ષ તેમજ દર્પણ જેવા પ્રતીકો પ્રયોજીને સર્જકે માણસની લાગણીઓ તેની ઈચ્છાઓ તરફ જે અંગૂલી નિર્દેશ કર્યો છે તે જોઈ શકાય છે. આ ઉપરાંત કમલની અને સમજુબાની પોતપોતાની કલ્પનાઓમાંથી એક પ્રકારની ચોક્કસ માનસિકતા ઉપસતી જોવા મળે છે. કમલનું જે ભાવવિશ્વ છે તે ઊઘડતું જોવા મળે છે. સમજુબાનું ઘર હવેલી હોવાનું કલ્પતિ કમલની એ કલ્પનામાંથી તેની જે સંયુક્ત કુટુંબની ભાવના છે તે વ્યક્ત થાય છે. આમ, સમગ્ર લઘુનવલનો ભાર જેના પર રહેલો છે તે અથવા તો લઘુનવલનું કેન્દ્રસ્થ પાત્ર કમલની માનસિકતા જ્યારે આનંદ નથી ત્યારે સમજુબા સાથે રહેતાં વધુ દયનીય થઈ પડે છે અને તેમાંથી તેની દુ:ખદ મન:સ્થિતિ દ્વારા તેના ભાવવિશ્વનો પરિચય સાંપડે છે.

લેખકની આ લઘુનવલમાં કુટુંબ વ્યવસ્થાની સાથે તેમાં આવતાં પાત્રોના જીવનમાં બનતી એવી બધી જ ઘટનાઓ અને તેના કારણે તેમાંથી વ્યક્ત થતી વ્યગ્ર સ્થિતિ અને કરુણતા તેમજ તેમાં પ્રયોજાયેલાં પ્રતીકો, સ્વપ્ન અને અર્ધજાગ્રત અવસ્થાનો ઉલ્લેખ અને પાત્રોની તીવ્ર એવી વ્યાકુળ મનોદશા અને તેમજ કમલનું જે ભાવવિશ્વ છે તે ઊઘડતું જોવા મળે છે. કમલની ભીતર પડેલી કુટુંબ ભાવના તેને પોતાના દુઃખને બાજુમાં રાખીને સમજુબાની કાળજી રાખવા તરફ દોરે છે. સાથેસાથે આનંદનો સાથ ગુમાવી બેસેલી તેની જે વ્યથા છે તેને રજૂ કરતાં તેના ભાવવિશ્વનો પરિચય સાંપડે છે.

**સંદર્ભ:**

**I.** 'મહેતા ધીરેન્દ્ર, 'કાવેરી અને દર્પણ લોક', લોકપ્રિય પ્રકાશન, મુંબઈ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૮.